ક્રિ.કેસ નં.૬૦૦૮૯૮/૨૦૧૨ ના કામમાં આંક–૧ લગત હુકમ :–

૧) સદર કામમાં ફરીયાદીએ આરોપી સામે ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ–૧૯૭૨ ની કલમ–૨ સાથે કલમ–૯ હેઠળ આ ફરીયાદ કરેલી છે અને આ કામે આરોપીને સમન્સ કાઢવાનો હુકમ થયેલો છે પરંતુ ના.સર્વોચ્ચ અદાલતે આર.આર.ચારી વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી., મકસુદ સૈયદ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત તથા તુલારામ વિરુધ્ધ કિશોરસિંહના કેસમાં જે સિધ્ધાંત સ્થાપિત કરેલ છે તે મુજબ માત્ર પ્રોસેસ કાઢવાનો હુકમ થયો હોય તો તેનું મેજીસ્ટ્રેટે કોગ્નિઝન્સ લીધું છે તેવું કહી શકાય નહી અને મેજીસ્ટ્રેટે કોગ્નિઝન્સ લીધું છે તેવું ત્યારે જ કહી શકાય કે જયારે મેજીસ્ટ્રેટે જયુડીશીયલ માઈન્ડ એપ્પાય કર્યુ હોય.

૨) આ કામે ફરીયાદ જોતાં ફરીયાદીને સરકારશ્રી વ્દ્રારા આ ફરીયાદ દાખલ કરવા માટે તા.૨૮–૨–૨૦૧૨ ના રોજ સત્તા આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે અને આ ફરીયાદ તા.૩–૪–૧૨ ના રોજ દાખલ થયેલી છે.

૩) ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ–૧૯૭૨ ની કલમ–૧૧ નો પ્રોવીઝો જોતાં જયારે કંટ્રોલીંગ ઓથોરીટીને ફરીયાદ કરવાની સત્તા અપાયેલ હોય તેના ૧૫ દિવસમાં ફરીયાદ દાખલ થયેલ હોય તો જ કોર્ટ કોગ્નિઝન્સ લઈ શકે જયારે હાલના કેસમાં ઉપર ચર્ચા કરી તેમ કંટ્રોલીંગ ઓથોરીટીને ફરીયાદ દાખલ કરવાની સત્તા મળ્યા બાદ ૧૫ દિવસમાં ફરીયાદ દાખલ થયેલ નથી તે સંજોગોમાં આ ફરીયાદ સંદર્ભે કોઈ કોગ્નિઝન્સ લઈ શકાય તેમ નથી અને લાંબા સમયથી ફરીયાદી હાજર નથી તે સંજોગોમાં ફરીયાદ આગળ ચાલુ રાખવી હીતાવહ નથી અને તેથી ફરીયાદ કાઢી નાખવાનો હુકમ ફરમાવું છું.

તા.૨૩–૧–૨૦૧૮. (અરફાત એ.વાયડા)

અમદાવાદ. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,કોર્ટ નં.૬,
અમદાવાદ.કોડ નં. જીજે ૦૦૯૮૬